દેશબંધુ

સોસાયટી.

ઉત્તમ ભેટો આપનારી તથા આ

વખતે મદદ કરનારી મંડળી

વ્યવસ્થાપક તથા
પ્રકાશક

હરજીવન રા

વીઠ્ઠલ વાડી, વીઠુબાની ગલ

પોષ્ટ-કાળબાદેવી—મુંબ

અમદાવાદ.

ધી રત્નસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં

પટેલ. ભીખાભાઇ છગનલાલે છાપ્યું.

સંવત ૧૯૬૭ પ્રત ૧૦૦૦

કિંમત: એક આનો

સ્વદેશબંધુ સોસાયટીના ધારા.

૧ આ મંડળીનું નામ સ્વદેશબંધુ સોસાઇટી રાખવામાં આવ્યું છે [illegible] તેની સઘળી વ્યવસ્થા તેના નામથી કરવામાં આવશે.

[illegible]ળીમાં મેમ્બર થઇ નિયમીત લવાજમ ભરી હકદાર મે-[illegible]યા પછી ૧૮ અઢાર વર્ષની ઉમ્મર થયા કેડે *લગ્ન [illegible] મેટ્રિકની પરિક્ષા પાસ કરનારને. શેર-સટ્ટા સિવાયના [illegible] નુકશાન ભોગવનારને, આગ કે પાણીની આપતમાં [illegible]ાયમાલ થયેલાને, આંધળો, પાંગળો કે ઠુંઠો મુંગો [illegible] થઈ ગયેલો વીગેરે આફતોથી નિરાધાર થયેલા [illegible] નિર્વાહનું સાધન કરી આપવું તથા તેના આશ્રયે પડેલા વારસને મદદ કરવી એવા શુભ [illegible] સ્થાપવામાં આવ્યું છે.

[illegible]ર અને તનદુરસ્તીની પુરેપુરી ખાત્રી કરી દા-[illegible]વશે સ્ત્રી યા પુરૂષો બાર વર્ષથી તે [illegible] દાખલ થઇ શકશે. પરંતુ બારથી ઉમર[illegible] [illegible] કરવામા આવશે નહીં.

૪ મેમ્બર તરીકે દાખલ થવા ઇચ્છા ધરાવનાર માણસે અમારી ફીસના સીક્કાવાળી પહોંચ માસીક લવાજમ રૂ. ૧) એક રૂપી. ભરીને મેળવવી ત્યારબાદ આ મંડળના વ્યવસ્થાપક તરફથી પ હજાર મેમ્બર થએ ફોર્મ નંબર ૧ આપવામાં આવશે, ને તે ફોર્મ નંબર ૧ વાળી અરજીમાં લખ્યા પ્રમાણે પુરેપુરી હકીકત ભરી મંડળના વ્યવસ્થાપક તરફ મોકલવી એટલે અરજી મંજુર કરી આ મંડળ તરફથી મેમ્બરશીપનું સર્ટિફીકેટ મંડળીના સીક્કાવાળું આપવામાં આવશે, અને ત્યારથી તે મેમ્બર **પાંચ વરસ** પછી આ ફંડના નિયમાનુસાર તમામ હકને પાત્ર થશે, સદરહુ સર્ટિફીકેટ [illegible]સીક્કા સ્ટાંમ્પવાળુ તથા ફોર્મ નંબર ૧ વાળી અરજી અમારા પાંચ

મેમ્બર થતાં સુધી લવાજમ ભરનારનેજ આપવામાં આવશે તેજ સર્ટિફીકેટ મેમ્બરોએ સાવચેતીથી રાખવાનું છે, અને તે રજુ કર્યા વગર વારસને તેનો હક તેને મળી શકતો નથી. પરંતુ સર્ટિફીકેટ ગુમ થયાની પુરેપુરી ખાત્રી કરી આપેથી સુધારા ફીનો રૂ. ૧–૦–૦ એક રૂપીઓ લેઇ જુનું રદ કરી નવું સર્ટિફીકેટ આપવામાં આવશે. વ્યવસ્થાપકની સહી સીક્કા વગેરેનું સર્ટિફીકેટ પહોંચ અગર કોઈ પણ લખાણ ઉપયોગી ગણાશે નહીં. વ્યવસ્થાપકના હાથની સહી સીક્કા શિવાયનું સર્ટિફીકેટ, કાગળો, પહોંચો રદ બાતલ એટલે નકામી ગણાશે.

૫ મેમ્બર વારસ તરીકે જે માણસને નીમશે તેજ મેમ્બરનો વારસ ગણાશે, અને તેને આ મંડળના નિયમ પ્રમાણે ફાળાની રકમ મળશે. કદાપી મેમ્બર પોતાનો વારસ ફેરવવા માગે તો તે બદલ રૂ.૧) ફીનો તથા આપેલું સર્ટિફીકેટ મોકલી આપેથી તેનું નામ ફેરવી આપવામાં આવશે, ને તે નવો વારસ આ મંડળના તમામ હકને પ્રાપ્ત થશે.

૬ આ મંડળનો મેમ્બર ગમે તેને પોતાની ઇચ્છાનુસાર વારસ નીમી શકે છે પરંતુ જો ધર્માદા ખાતાનો વારસ નીમેલ હશે તો તેનું સ્પષ્ટ નામ આપવું પડશે, અને કદાચ ટ્રસ્ટીઓ હોય તો તેમનાં નામ પુરેપુરાં અરજીના ખાનામાં ભરવાં પડશે.

૭ મેમ્બરના મરણ પછી વારસ સગીર એટલે કાયદાના નિયમ પ્રમાણે ઉમર લાયક ન હોય તે તથા તેમજ દીવાનો હોય તેવા વારસનો હક તેના કાયદેસર વાલીને ખાત્રી કરી આપવાથી સોંપવામાં આવશે, કોઈપણ મેમ્બર મેમ્બરશીપનુ સર્ટિફીકેટ મળવ્યા પછી દૈવઇચ્છાથી માધારણ દીવાનો થઇ ગયો હશે તેવા મેમ્બરનુ

૫ લવાજમ દાખલ ફી વગેરે તેના વાલી વારસને ભરવા પડશે. મેમ્બરના મરણ પછી અને વહેંચણીનો લાભ આપવાના વખત પહેલા નીમેલા વારસોનુ મૃત્યુ થાય અગર વારસના મરણ પછી મેમ્બરનું મૃત્યુ થાય તો તેવા વારસનો હક કાયદેસર ઠરેલા વારસના વારસને સર્ટિફીકેટ રજુ કરેથી મંડળના વ્યવસ્થાપકને ખાત્રી થયે સોંપવામાં આવશે.

૯ નીમેલા વારસની સાથે બીજા વારસનું નામ પાછળથી દાખલ કરાવવા માગશે તો તેની ફીનો રૂ. ૦ાા અરધો લેઇ દાખલ કરી આપવામાં આવશે.

૧૦ કોઇ પણ મેમ્બરથી લવાજમના નાણાં નહિ ભરી શકાય તેમ હશે અગર નીમેલા વારસને લાભ અપાવવો હશે તેવા મેમ્બરો સાથે પોતાને ગમે તેવો કરાર કરી લઇ તેવા મેમ્બરનો હરકોઇ શખ્સ વારસ નીમાઇ નાણાં ભરી શકશે.

અને તેવા વારસ નાણાં ભરી લાભ લેવા બાબત નીમાયા છે એવી ખાત્રી ભરેલી અરજી મેમ્બરના સર્ટિફીકેટ સાથે આપેથી તેને મેમ્બરશીપના સર્ટિફીકેટ પાછળ તેવો વારસ રજીષ્ટર થયેલ છે એવો શેરો કરી આ ફંડનો સહી શિક્કો કરી આપ્યો હશે તો સદરહુ નાણાં ભરનાર વારસની મંજુરી વગર તે વારસ કોઇ પણ વખતે તે મેમ્બર ફેરવી શકશે અગર રદ કરી શકશે નહિ, પરંતુ રજીષ્ટર્ડ થએલ વારસ મેમ્બરની માફક વારસ ફેરવવા માગેથી ફેરવી આપવાનો હક મળશે અને જો તેઓએ પોતાનો વારસ નહી નીમ્યો હોય તો તેના વારસને આ મંડળનો લાભ આપવામાં આવશે તેનો રજીષ્ટર્ડ ફીનો રૂ. ૦॥ લેવામાં આવશે.

૧૧ આ ફંડમાં એકજ વર્ગ રાખવામાં આવ્યો છે, અને તેનું માસક લવાજમ રૂ. ૧—૦—૦ એક રાખવામાં આવ્યું છે.

૧૨ મેમ્બર પાસેથી દાખલ ફી તરીકે કાંઈ પણ રકમ જુદી લેવામાં આવશે નહીં પરંતુ મંડળમાં પાંચ હજાર મેમ્બર થયા પહેલાં મેમ્બરની ફી દાખલ ફી તરીકે ગણવામાં આવશે. પરંતુ પાંચ હજાર મેમ્બર થયા પછીજ **પાંચ વર્ષનું લવાજમ રીઝર્વ્ડ જમા થશે.** દાખલ ફી અને રીઝર્વ્ડ નવા મેમ્બરો પહેલા વર્ષમાં બાદ જશે, ને બાકીની રકમ લવાજમ તરીકે જમા થશે ને મંડળની દરેક પ્રકારની ફી મંડળના ખરચ બદલ અને વ્યવસ્થાપકના હ રહેશે તેમાં મેમ્બર અગર તેના વારસોનો કોઇ પણ પ્રકારનો હ રહેશે નહીં પરંતુ તે ઉપર ફક્ત વ્યવસ્થાપકનો હક રહેશે.

૧૩ દર માસનું માસિક લવાજમ ભરનારને આઠ દીવસની મુદત આપવામાં આવશે પરંતુ દર માસે લવાજમ ભરનાર મેમ્બરે દરેક મહિનાની તારીખ ૮ મી અંદર ભરી આપવું પડશે.

ઉપર જણાવેલી મુદત દરનિયાન સદરહુ લેણી નીકળતી રકમ વખતસર ભરવામાં નહીં આવે તો તેની એક વખતની ભુલ દરગુજર કરવામાં આવશે, આવી કસુર બીજી વખત થશે તો રૂ ૦—૧—૦ વધારે લેવામાં આવશે પરંતુ તેજ કસુર ત્રીજી વ

થશે તે મેમ્બર તરીકેનો કોઇપણ પ્રકારનો તેનો હક રહી શકશે નહીં, પરંતુ ત્રીજી વખત કસુર થએ ખાસ કારણ જણાવેથી આ મંડળીના વ્યવસ્થાપક હક રાખી શકશે અને આ ત્રી દરેક કસુરને માટે બે આના વધારે તે લવાજમ સાથે રોકડા લેવામાં આવશે. પરંતુ ખાસ કારણથી કસુર થાય છે એમ આ મંડળીના વ્યવસ્થાપકને યોગ્ય નહીં જણાય તો આ મંડળીને હરકત કરવા સબબ તેના તમામ પ્રકારના હક રદ કરવામાં આવશે, પરંતુ કોઈ મેમ્બરનું ખાસ કારણને લઇને લગોલગ ચાર માસનું લવાજમ ચડી ગયું હશે તો તે મુદત વીત્યાબાદ તે મેમ્બરનું મરણ થશે તો તેના હકદારને કોઇપણ બાબતનો હક અગર લાભ મળી શકશે નહીં ને જ્યાંસુધી લવાજમ ભર્યા બાબતની હેડ ઓફીસથી પહોંચ મેળવી નહીં હોય તો મુદતસર લવાજમ ભર્યાનો પુરાવો ગણાશે નહીં.

૧૪ દર માસની શરૂઆત તારીખ એકથી ગણવામાં આવે છે પરંતુ તારીખ (૮) ની અંદર દાખલ થનારને તેજ માસમાં દાખલ ગણવામાં આવે છે અને તારીખ આઠમી પછી આવતા માસમાં દાખલ કરવામાં આવશે માટે તારીખ આઠમી પહેલા દાખલ થવું તે વધારે સારૂં છે.

૧૫ લવાજમ ભર્યા પછી કોઇ પણ મેમ્બર આ મંડળીમાંથી નીકળી જવા માગશે તો તેણે આ મંડળમાં ભરેલા પૈસામાંથી કાંઈ પણ પાછું આપવામાં આવશે નહીં.

૧૬ ફક્ત દસ વર્ષ સુધી નિયમીત લવાજમ ભર્યા પછી અટકી શકાય છે. પરંતુ તેવે પ્રસંગે મંડળીનું સહી સિક્કાવાળું સર્ટિફીકેટ મેળવવું જે વગર ફીએ આપવામાં આવે છે. આ સર્ટિફીકેટ રજુ થયે મેમ્બર હયાત હોય તેને અથવા તો મેમ્બરના વારસને મેમ્બરના મરણ બાદ ભરેલા પૈસાના પ્રમાણમાં મંડળીના નિયમ અનુસાર હક્ક આપવામાં આવે છે, પરંતુ આ લાભ લેવા માટે યોગ્ય કારણ બતાવવા જોઇએ.

૧૭ કોઈપણ હકદાર મેમ્બર મરણ પથારીપર હોય, અઢાર વર્ષની ઉમ્મર થયા કેડે લગ્ન કરનાર સ્ત્રી પુરૂષને નાણાંની તંગી હોય, મેટ્રીકની પરિક્ષા પાસ કરી આગળ

અભ્યાસ વધારવામાં કે ધંધે રોજગારે લાગવામાં પૈસાની જરૂર હોય, શેર સટ્ટા સિવાયના વેપારમાં પાયમાલ થયો હોય, કે આગ પાણીના નુકશાનથી નિરાધાર થયો હોય, કે આંધળો, પાંગળો, ઠુંઠો, મુગો કે તદ્દન ગાંડો થઇ ગયેલો હોય તેવા મેમ્બરોને તેવે પ્રસંગે પૈસાની જરૂર પડશે એવી ખાત્રી મંડળના વ્યવસ્થાપક હરજીવન રામજીને આપ્યાથી મંડળમાંથી તેણે ભરેલા લવાજમના પ્રમાણમાં તેને અમુક રકમ તત્કાલીક મદદ તરીકે આપવામાં આવશે. પરંતુ તેવી અગવડોમાંથી મુક્ત થયા પછી ત્રણ માસની અંદર મદદ માટે લીધેલા નાણાં પાછાં ભરી આપવા જોઇશે. તેમ કરવામાં કસુર કરનારને આ મંડળના તમામ હકોથી દૂર કરી મેમ્બર તરીકેનું તેનું નામ કાઢી નાંખવામાં આવશે. પરંતુ જો તે મેમ્બર તેવી આફતોમાં મૃત્યુ પામે તો મદદ તરીકે આપેલી રકમ વહેંચણી વખતે તેના ફાળામાં આવતી રકમમાંથી વાળી લઇ બાકીની રકમ તેના નીમેલા વારસને આપવામાં આવશે. મદદનો લાભ વહેંચણીની રકમમાંથીજ મેમ્બરોને મળશે.

૧૮ એક અગર વધારે મેમ્બરો એકઠા થઇ રૂ. ૧૦ અગર તેથી વધારાની રકમ એકી વખતે મોકલાવશે તો તે મોકલવાનો ખર્ચ મંડળ તરફથી મળશે. પરંતુ ઓછી રકમ મોકલવાનો ખર્ચ મેમ્બરને શીર રહેશે.

૧૯ મેમ્બરના મરણ પછી અને વહેંચણીનો લાભ આપવાની અગાઉ પ્રથમ નીમેલા વારસનું મૃત્યુ થાય અથવા વારસના મરણ પછી મેમ્બરનું મૃત્યુ થાય તો તે વારસનો હક કાયદેસર ઠરાવેલ વારસના વારસને સર્ટિફીકેટ રજુ કર્યાથી ને તે મંડળના વ્યવસ્થાપકને ખાત્રી થયેથી આપવામાં આવશે.

૨૦ કોઇ મેમ્બર પોતે જાતે લવાજમ ભરતો હશે અને દાખલ અરજીમાં વારસનું નામ દાખલ નહી કર્યું હોય અને પોતે મરણ પામે તો તેની પછવાડે કાયદેસર વારસ હશે તો તે વારસની ખાત્રી કરીને ફાળાનો લાભ આપવામાં આવશે.

૨૧ મેમ્બર થનાર કોઈપણ વારસને કાયમી (કોઇથી ફેરવી

નહિ એવા વારસને) તરીકે રજીષ્ટર કરવા ધારે તો કરી શકે છે, પરંતુ તે વખતે તેણે મેમ્બરશીપનું મેળવેલું સર્ટિફીકેટ રજુ કરવું પડશે, ને તે સર્ટિફીકેટ પછવાડે કંપનીનો શેરા કરી વારસનું નામ રજીષ્ટરમાં નંબર ચડાવી આ મંડળની સહી સીક્કો કરી આપશે એટલે વારસ રજીષ્ટર થએલ ગણાશે, અને તે વારસ મેમ્બરના સર્વ હકને પાત્ર થશે આ રજીષ્ટર ફીનો રૂ. ૧ લેવામાં આવશે.

૨૨ દસ વરસનું લવાજમ અગાઉથી ભરવું હશે તો તે ગમે તેટલા વર્ષનું ભરી શકશે. પરંતુ તે અગાઉથી ભરેલ લવાજમ દરમ્યાન મેમ્બરનું મૃત્યુ થશે, તો તે મૃત્યુ થયા પછીના વખતનું નહીં ચડેલું લવાજમ અગાઉથી ભરાઇ ગયું હશે, તે પાછું આપવામાં આવશે અને ફાળા ઉપર તેની હૈયાતીમાં ભરેલ લવાજમ મુજબનો હક રહેશે.

૨૩ કોઇપણ મેમ્બરને આ મંડળ તરફથી મળવાનો હક વેચાણ યા ગીરો બક્ષીસ કરવાનો હશે તો તે હક વેચાણ યા ગીરો અને બક્ષીસ કરી શકે છે; ને તે બાબતનું સર્ટિફીકેટ મોકલેથી તેને તેનો રૂ. ૧) લઈ તેમાં સેરો કરી આપવામાં આવશે.

૨૪ કોઇપણ મેમ્બરને આ ફંડના એક કરતાં વધારે સર્ટિફીકેટ આપવામાં આવશે નહીં, અને તેમ છતાં આ ફંડના એક કરતાં વધારે સર્ટિફીકેટ તેજ મેમ્બરનાં નામ ઉપર ચડેલા માલુમ પડશે. તો પહેલું મેળવેલું સર્ટિફીકેટ કાયમ રાખી તેના પછીના તમામ સર્ટિફીકેટ રદ ગણાશે, એટલે તેના તથા તેના વારસના તમામ હક નાબુદ થશે વળી તેણે ભરેલ લવાજમ દાખલ ફી અને ભરેલા પૈસા
૫ તેને પાછા નહી આપતાં આ મંડળના ખર્ચમાં વાપરવામાં આવશે.

૨૫ આ મંડળની ચૂકથી સર્ટિફીકેટમાં કાંઇ ખામી હશે તો કાંઇ પણ ફી લીધા વિના જાહેર થયેથી તે સુધારી આપવામાં આવશે.

૨૬ આખા વરસમાં ભરાયેલા લવાજમના સેંકડે સાડી બાસઠ (૬૨॥) ટકા આ મંડળના મેમ્બરોમાંથી તે વરસમાં જેટલા મરણ થયાં હશે તેમના વારસોને ભરેલ લવાજમના પ્રમાણમાં વરાડે આવતાં વહેંચી આપવામાં આવશે પરંતુ બે હજારથી વધારામાં વધારે મળી શકશે નહીં અને તેથી વધારાના પૈસા જે હશે તે વહેંચણી ખાતે જમા રહેશે.

૨૭ વર્ષ પુરૂં થયા પછી આવતા માસની તારીખ ૩૧ જાનેવારી સુધીમાં સદ્‌ગૃહસ્થો તથા હાજર થયેલા મેમ્બરો સમક્ષ વહેંચણી કરવામાં આવશે. જે વખતે મરણના દાવા વિગેરે હકીકત છ-પાવી બહાર પાડવામાં આવશે. ને વહેંચણીના નક્કી થએલા પૈસા બનતા સુધી માર્ચ માસની દશમી તારીખ સુધીમાં મેમ્બરોના ખરચે મોકલવામાં આવશે. તે વખતે ઉછીતી મદદ તરીકે આ-પેલ રકમ વાળી લેવામાં આવશે.

૨૮ જે વરસમાં એક પણ મરણ નહીં થાય તે વરસમાં મેમ્બરોને વ-હેંચી આપવાની રકમ રીઝર્વડમાં માસ જમે થશે. જે વર્ષમાં મરણ થયેલ હશે અને તે માસનું લવાજમ મેમ્બરે ભરેલ નહીં હોય, તો મરનારને હીસ્સે આવતા ફાળામાંથી વાળી લેવામાં આવશે. લવાજમ શીવાયની રકમ. દાખલ ફી, વ્યાજ, કસર ફી, સુધારા ફી, બીન વારસીને હિસ્સે આવતો ફાળો રીઝર્વડની રકમ વીગેરે વહેંચણીને પાત્ર નથી. ફક્ત ખર્ચ અને વ્યવસ્થાપકના મહેનતાણા બદલજ છે.

૨૯ મેમ્બરના મરણની ખાત્રી થયે મરનારના વારસને ભરેલા લવા-જમના પ્રમાણમાં વ્યવસ્થાપકની મનખુશી ઉપર અમુક રકમ મદદ તરીકે આપવામાં આવશે પણ આવી રકમ રૂ. ૧૦૦) થી વધારે આપી શકાશે નહીં, તે આપેલી રકમ વહેંચણી વખતે મળનાર રકમમાંથી બાદ જશે.

૩૦ મેમ્બરનું મરણ તથા તેના ખબર તુરત તેના વારસોએ હેડઓ-ફિસથી ફોર્મ મંગાવી ભરી તે સાથે મેમ્ભરશીપનું સર્ટિફીકેટ એક માસ દરમિયાન મોકલવું. જે ઉપરથી મરણની ખાત્રી થયે (કલમ ૨૬ માં) બતાવ્યા મુજબના લાભ આપવામાં આવશે. પરંતુ મરણના ખબર એક માસ પછી અને બે માસ મેમ્બર-શીપના સર્ટીફીકેટ મરણ ફોર્મ સહીત મોકલશે તો તેને (કલમ ૩૧ માં બતાવ્યા પ્રમાણેનો) લાભ આપી શકાશે નહીં, પરંતુ વહેંચણીનો લાભ મળશે, અને બે માસ પછી ખબર આપનારને કાંઇ પણ લાભ નહીં મળે; પણ તેને ફાળે આવતી રકમ રીઝર્વડ તરીકે જમા થશે, ને દરેક વર્ષની તારીખ ૩૧ ડીસેમ્બર સુધી-માંજ મરણ થયું હશે. તેની ખબર તેના વારસે વહેંચણી અગા-ઉથી હેડ ઓફીસને આપી હશે, તો આવતા વર્ષની વહેંચણી

માંથી લાભ આપવામાં આવશે ને મરણના ખબર અમારી ઓફીસના મરણફોર્મમાં આપ્યાથી ખરા માનવામાં આવશે અને તે ખબર આપ્યાની વ્યવસ્થાપકના હાથની સહી મેળવવી.

૩૧ મેમ્બર તરીકે દાખલ થયાની તારીખથી પુરા પાંચ વર્ષ અંદરમાં મરી જનાર મેમ્બરના વારસને કંઇ પણ લાભ મળશે નહીં. એટલે જે તારીખે પુરા પાંચ વર્ષ થશે, તે તારીખના સાંજના સાત કલાક વીત્યા પછી મદદ માટે તથા મરણ હકદાર ગણવામાં આવશે.

૩૨ ભરેલ લવાજમમાંથી ઉત્પન્ન થતું વ્યાજ, કસુર ફી બીન વારસીને હિસ્સે આવતો ફાળો, પ્રથમના પાંચ હજાર મેમ્બરની દાખલ ફી તે ઉપર મરણ થયાની ખબર, બે માસ પછી ખબર આપનારને હિસ્સે આવતી રકમ તથા મેમ્બર કે તેના વાલી વારસોનો હક તેવા પૈસાપર નથી. બાદ પાંચ વર્ષનું લવાજમ રીઝર્વ તરીકે જમા થશે ને ત્યાર પછી કુલ ઉપજેલ લવાજમના સેંકડે સાડાબાર ટકા મંડળની ભવિષ્યની સલામતી માટે રીઝર્વ તરીકે જમા રાખવામાં આવશે; જે મંડળ બંધ થયા સિવાય વહેંચણીને પાત્ર થશે નહીં. પરંતુ કોઈ પણ અનિયમીત ખર્ચ મંડળના હિત ખાતર થશે તો તેને માટે થતું ખર્ચ રીઝર્વ ફંડમાંથી લેવામાં આવશે.

૩૩ એકત્ર થયેલ લવાજમમાંથી સેંકડે ૬૨ાા ટકા સિવાયની રકમ ફંડના ખર્ચ બદલ વપરાશે અને સાડાબાર ટકા રીઝર્વ તરીકે જમા રહે છે તે જતાં બાકીના ૨૫ ટકા ઉપર મેમ્બર અગર તેમના વારસોનો કોઇ પણ પ્રકારનો હક રહેશે નહી, પરંતુ તે ઉપર વ્યવસ્થાપકનો હક રહેશે.

૫૪ મેમ્બરોને ફાળે આવતી રકમમાં આના પાઈ આવતા હશે તો તે આપવામાં આવશે નહી.

૫૫ લવાજમ ભર્યાની પહોંચ જ્યાં સુધી હેડ ઓફીસથી મેળવશે નહીં ત્યાં સુધી લવાજમ ભર્યું ગણાશે નહીં.

૩૬ પાંચહજાર મેમ્બર થયા પછીનો ખર્ચનો આમંડળનોહીસાબ તપાસવાનો એજન્ટોનેતથા આ મંડળ સાથેસંબંધ ધરાવનારાઓ તમામને છુટછે.

૩૭ રાજદ્રોહી, ખોટી સહી કરી મંડળને છેતરનાર, લુચ્ચાઇ, અપ્રમાણીકતા, તથા મંડળના પ્રવર્તકની આબરૂને તથા પૈસાને નુકશાન કરતા જણાય, તેના ભરેલા પૈસા જપ્ત કરી આ ફંડ ઉપરના તેના તમામ જાતના હકો રદ કરવામાં આવશે, અને કાંઇ પણ

લાભ નહીં આપતાં તેના તેવા ગુન્હા માટે કાયદાસર યોગ્ય ઇલાજ પણ લેવામાં આવસે.

૩૮ મંડળીને અંગે કાંઇપણ સુધારો વધારો કરવાને આ મંડળીના વ્યવસ્થાપક મુખત્યાર છે, અને તે પ્રમાણે મેમ્બરો તથા તેના વારસો તથા એજન્ટો અને આ મંડળીની સાથે સંબંધ ધરાવનાર દરેક માણસ બંધાએલ છે.

૩૯ મંડળીમાં ભરવામાં આવતા પૈસા તથા મંડળીને મોકલવાના પૈસા તથા કાગળો વિગેરેમાં પોષ્ટ ઓફીસથી અગર બીજી કોઈ પણ રીતે કંઈ પણ કસુર જણાશે તો તે માટે મંડળી જુમેદાર નથી.

૪૦ આ ફંડ તરફથી મોકલવામાં આવતા ફોર્મ, નોટીસ, તથા સર્ટિફીકેટ વિગેરે દરેક મેમ્બરોને જોખમે મોકલવામાં આવશે.

૪૧ આ મંડળી સાથે સંબંધ ધરાવનારા ઉપર કાઢવાની દરેક પ્રકારની નોટીસો, અગર ખબરો પોષ્ટ મારફત અગર માણસો મારફત મોકલી આપવામાં આવશે, અને તે બાબતની સાબીતી આ મંડળીની ડીલીવરીમાં નોંધાએલી ખરી ગણવામાં આવશે, તે નોટીસ નહીં પહોંચ્યાની તકરાર કોઇ લેશે, અગર તેવો બચાવ કરશે તો તે મંજુર રહેશે નહીં.

૪૨ કોઇપણ મેમ્બરનું નામ કોઇપણ કારણથી રદ કરવામાં આવ્યું હશે તેવા મેમ્બરને કરીથી દાખલ કરવામાં નહીં આવે.

૪૩ આ મંડળીનો મુખ્ય આધાર ચાલુ અને નવા મેમ્બરો ઉપર રહેલો છે. વાર્ષિક વહેંચણીના ઓછા વધારેનો આધાર મરણની સંખ્યા ઉપર રહે છે.

૪૪ મુદતસર લવાજમ ભરવામાં કસુર થયે કલમ ૧૩ માં બતાવ્યા પ્રમાણે અમલ કરવામાં આવશે, ને તેવે પ્રસંગે મંડળી તરફથી નોટીસ મળી નહોતી એવી તકરાર ચાલશે નહીં, તેમજ એકલા એજન્ટની સહીવાળી પહોંચ મેળવેથી હક્ક કાયમ રહેશે નહીં.

૪૫ કોઇ પણ મેમ્બરનું નામ આ મંડળીમાં તેની ખુશીથી દાખલ કરાવેલું હતું, મેમ્બર થવાની અરજી મેમ્બરે પોતે કરેલી હતી, અને વારસ મેમ્બરે પોતે નીમ્યો હતો, તથા અરજીમાં લખાવેલી તમામ હકીકત ખરી છે એ સાબીત કરવાનું જોખમ નીમાએલા વારસને શીર રહે છે.

3330

૪૬ નોટીસ કાઢવાનો ધારો આ મંડળને બંધનકારક નથી.

૪૭ આ મંડળમાં દરેક મેમ્બરો તથા તેના વાલી વારસો અને ભાગીદારો તેમજ આ મંડળ સાથે સંબંધ ધરાવનાર દરેક સખ્સો આ ધારાના રૂલ પ્રમણે બંધાયેલ છે.

૪૮ કોઇપણ કારણથી આ મંડળનું કામ આગળ ચલાવવું વ્યવસ્થાપકને યોગ્ય જણાશે નહીં તો તેવે વખતે બંધ કરવાને વ્યવસ્થાપકને ફુલ અધિકાર છે. તેમાં કાંઇ પણ તકરાર કોઇ પણ મેમ્બરની અગર તેના વારસની ચાલી શકશે નહીં.

૪૯ દરેક ખુલાસો વ્યવસ્થાપકને લખવાથી મળશે.

૫૦ ચાલાક એજન્ટો જોઇએ છીએ. કમીશનનો સારો લાભ છે.

૫૧ આવી ટુંક મુડીમાં લાભ બીજી એકે મંડળીમાં મળતોજ નથી.

૫૨ જીવતાં આફત વખતે મેમ્બરને મદદ કરનાર તથા પાછળથી વારસને સહાય આપનાર આ એકજ મંડળી છે.

૫૩ થોડી મુડીએ અને થોડે પૈસે ઝાઝા પૈસા પેદા કરવાનું તથા વારંવાર ઇનામો આપનારૂં આ મંડળજ છે.

૫૪ આ મંડળીના ધારા ધોરણ સાદા સરળ ને દરેકથી સમજી શકાય તેવા છે. વાસ્તે બરાબર વાંચી સમજીને મેમ્બર થજો.

૫૫ આ મંડળનું બંધારણ પ્રમાણીકપણે અને નીયમીત ચલાવવા ખાસ યોજના કરેલી છે. એવું તમે માનતા હોય તો મેમ્બર થાઓ.

૫૬ આ મંડળની સલામતી માટે રીઝર્વની ઉમદા યોજના કરવામાં આવશે, અને તેના પૈસા ગવર્નમેન્ટ તથા સદ્ધર (જામીનગીરી) સીકયુરીટીમાં જમા રાખવામાં આવશે.

૫૮ હકદાર મેમ્બર થયા પછી દરેક મેમ્બરને હીસાબ તપાસવાની છુટ છે.

૫૯ પોતે એજન્ટ થઇ બીજા એજન્ટો નીમી આપશે તેને પણ અમુક લાભ વ્યવસ્થાપક તરફથી મળી શકશે.

વ્યવસ્થાપક.

હરગોવન રામજી.

ઠે. વીઠલવાડી—વીઠુબાનીગલી

પોસ્ટ કાલબાદેવી—મુંબાઇ.